www.kamalamgujarat.com

Tuesday

08.12.2020

*Volume :5 * Issue No. 114

Email.: kamalamgujarat@gmail.com

*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

### પ્રધાનમંત્રીએ આગ્રામાં આગ્રા મેટ્રો પ્રોજેક્ટનાં નિર્માણ કાર્યનું ઉદ્‌ઘાટન કર્યું

# દેશની માળખાગત સુવિધાઓને સુધારવા સમગ્ર વિશ્વમાંથી રોકાણને આકર્ષવા પ્રયાસો ચાલી રહ્યાં છેઃ પ્રધાનમંત્રી

## સ્વદેશ દર્શન અને પ્રસાદ જેવી યોજનાઓ દ્વારા પ્રવાસીઓને આકર્ષવા પ્રયાસો ચાલી રહ્યાં છેઃ પ્રધાનમંત્રી



### રેરાનો કાયદો બિલ્ડરો અને ઘર ખરીદતા ગ્રાહકો વચ્ચે અવિશ્વાસને દૂર કરવા માટે બનાવવામાં આવ્યો છેઃ પ્રધાનમંત્રી

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રીએ આજે વીડિયો કોન્ફરન્સ દ્વારા ઉત્તર પ્રદેશના આગ્રામાં આગ્રા મેટ્રો પ્રોજેક્ટનાં નિર્માણકાર્યનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મકાન અને શહેરી વિકાસ મંત્રી શ્રી હરદીપ સિંહ પુરી, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ દેશના માળખાગત ક્ષેત્રની મુખ્ય સમસ્યાઓ પૈકીની એક સમસ્યા પર ધ્યાન દોર્યું હતું. તેમણે કહ્યું હતું કે નવા પ્રોજેક્ટ્સની જાહેરાતો થતી હતી, પણ નાણાં ક્યાંથી મળશે એના પર બહુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું નહોતું. તેમણે ઉમેર્યું હતું કે તેમની સરકાર નવા પ્રોજેક્ટની શરૂઆતમાં જ પર્યાપ્ત ફંડને સુનિશ્ચિત કરે છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૧૦૦ લાખ કરોડથી વધારેનો ખર્ચ થશે. મલ્ટિ-મોડલ કનેક્ટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર માસ્ટર પ્લાન પર પણ કામગીરી ચાલી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે દેશની માળખાગત સુવિધા સુધારવા દુનિયાભરમાંથી રોકાણને આકર્ષવા પ્રયાસો ચાલી રહ્યાં છે. પ્રવાસનને દરેક માટે આવકનું માધ્યમ બને એવું ક્ષેત્ર ગણાવીને પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, સરકારે ઈ-વિઝા યોજના અંતર્ગત આવરી લેવાયેલા દેશની સંખ્યામાં વધારો કરવાની સાથે હોટેલ રૂમ પર કરવેરાના દરમાં પણ નોંધપાત્ર ઘટાડો કર્યો છે. સ્વદેશ દર્શન અને પ્રસાદ જેવી યોજનાઓ દ્વારા પ્રવાસીઓને આકર્ષવા પ્રયાસો ચાલી રહ્યાં છે. સરકારના પ્રયાસોના પરિણામે ભાર અત્યારે ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ કોમ્પિટિટિવનેસ ઈન્ડેક્સમાં ૩૪મુ સ્થાન ધરાવે છે. વર્ષ ૨૦૧૩માં ભારત આ ઈન્ડેક્સમાં ૬૫મુ સ્થાન ધરાવતો હતો. તેમણે આશા વ્યક્ત કરી હતી કે કોરોના સાથે સંબંધિત સ્થિતિસંજોગોમાં સુધારો થવાની સાથે ટૂંક સમયમાં પ્રવાસન ક્ષેત્ર પુનઃ ધબકતું થઈ જશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે અત્યારે તબક્કાવાર નહીં પણ સંપૂર્ણ રીતે વિવિધ ક્ષેત્રોમાં સુધારા હાથ ધરવામાં આવ્યાં છે. તેમણે ઉમેર્યું હતું કે શહેરોના વિકાસ માટે ૪ સ્તરે કામગીરી ચાલી રહી છે – લાંબા ગાળાની સમસ્યાઓનું સમાધાન, જીવનની સરળતા, મહત્તમ રોકાણ, આધુનિક ટેકનોલોજીનો વધારે ઉપયોગ. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે બિલ્ડરો અને ઘર ખરીદનાર ગ્રાહકો વચ્ચે વિશ્વાસ નથી. તેમણે જણાવ્યું હતું કે કેટલાંક ખોટો ઈરાદા ધરાવતા લોકોએ સંપૂર્ણ રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં વિક્ષેપ ઊભો કર્યો છે, આપણા મધ્યમ વર્ગને અપસેટ કર્યો છે. તેમણે કહ્યું હતું કે રેરાનો કાયદો આ સમસ્યાનું સમાધાન કરવા માટે પ્રસ્તુત કરવામાં આવ્યો છે અને એનો અમલ થઈ રહ્યો છે. તેમણે આ કાયદાની સફળતા વિશે કહ્યું હતુ કે તાજેતરમાં કેટલાંક રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે, આ કાયદો બન્યા પછી મધ્યમ વર્ગે ઝડપથી પૂર્ણ થાય એવા ઘર ખરીદવાની શરૂઆત કરી છે. તેમણે કહ્યું હતું કે આધુનિક જાહેર પરિવહનથી લઈને મકાન સુધી સંપૂર્ણ વિકાસ શહેરોમાં જીવનને વધારે સરળ બનાવે છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી આવાસ યોજનાનું ઉદ્‌ઘાટન આગ્રામાં થયું હતું અને આ યોજના અંતર્ગત શહેરી ગરીબો માટે ૧ કરોડથી વધારે મકાનોને મંજૂરી મળી છે. શહેરના મધ્યમ વર્ગ માટે પહેલી વાર ઘર ખરીદવા માટે મદદ આપવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે અત્યાર સુધી શહેરી મધ્યમ વર્ગના ૧૨ લાખથી વધારે પરિવારોને ઘરો ખરીદવા માટે આશરે રૂ. ૨૮૦૦૦ કરોડની મદદ આપવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે પાણી, નહેર જેવી માળખાગત સુવિધાને અમૃત અભિયાન અંતર્ગત કેટલાંક શહેરોમાં સુધારવામાં આવી છે અને સ્થાનિક સંસ્થાઓને શહેરોમાં જાહેર શૌચાલયો બનાવવા અને કચરાના વ્યવસ્થાપનની આધુનિક વ્યવસ્થાનો અમલ કરવા મદદ પૂરી પાડવામાં આવી છે. પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે વર્ષ ૨૦૧૪ પછી ૪૫૦ કિલોમીટરની લંબાઈ ધરાવતી મેટ્રો લાઈન કાર્યરત થઈ છે, જ્યારે અગાઉ ફક્ત ૨૨૫ કિલોમીટરની મેટ્રો લાઈન કાર્યરત હતી. તેમણે એવી જાણકારી પણ આપી હતી કે ૧૦૦૦ કિલોમીટરની લંબાઈ ધરાવતી મેટ્રો લાઈન પર કામગીરી ઝડપથી ચાલી રહી છે. આ કામગીરી દેશના ૨૭ શહેરોમાં ચાલુ છે. આગ્રા મેટ્રો પ્રોજેક્ટમાં ૨ કોરિડોર ધરાવે છે, જેની કુલ લંબાઈ ૨૯.૪ કિલોમીટર છે તથા રેલવે સ્ટેશનો અને બસ સ્ટેન્ડ સાથે તાજમહલ, આગ્રાનો કિલ્લો, સિકંદરા જેવા મુખ્ય પ્રવાસન સ્થળોને જોડે છે. આ પ્રોજેક્ટથી આગ્રા શહેરની ૨૬ લાખની વસ્તીને લાભ થશે અને દર વર્ષે આગ્રાની મુલાકાત લેનાર ૬૦ લાખથી વધારે પ્રવાસીઓને સેવા પૂરી પાડશે. આ આગ્રાના ઐતિહાસિક શહેરને પર્યાવરણને અનુકૂળ સામૂહિક ઝડપી પરિવહન વ્યવસ્થા પ્રદાન કરશે. પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ રૂ. ૩,૮૭૯.૬૨ કરોડ થશે, જે ૫ વર્ષમાં પૂર્ણ થશે. ઉલ્લેખનીય છે કે અગાઉ ૮ માર્ચ, ૨૦૧૯ના રોજ પ્રધાનમંત્રીએ ૨૩ કિલોમીટરની લંબાઈ ધરાવતા સીસીએસ એરપોર્ટથી મુંશીપુલિયા સુધીના નોર્થ-સાઉથ કોરિડોર પર લખનઉ મેટ્રોની વાણિજ્યિક કામગીરી શરૂ કરાવવાની સાથે આગ્રા મેટ્રો પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

### પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત શહેરી મધ્યમ વર્ગના ૧૨ લાખથી વધારે પરિવારોને ઘરો ખરીદવા માટે આશરે રૂ. ૨૮૦૦૦ કરોડની મદદ આપવામાં આવી છેઃ પ્રધાનમંત્રી

# બંદરો, જહાજ અને જળમાર્ગ મંત્રાલયે તરતા માળખા માટે ટેકનિકલ વિવરણોની માર્ગદર્શિકાનો મુસદો જાહેર પરામર્શ માટે બહાર પાડ્યો



### મંત્રાલયનો ઉદ્દેશ ભારતીય દરિયાકાંઠાના તમામ વિસ્તારોમાં વિવિધ ઉપયોગો માટે તરતી જેટ્ટીઓને પ્રોત્સાહન આપવાનો છે

કમલમ દૈનિક,

બંદરો, જહાજ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા તરતા માળખાઓ માટે ટેકનિકલ વિવરણોની માર્ગદર્શિકાનો મુસદો તૈયાર કરવામાં આવ્યો છે. ભારતમાં તમામ દરિયાકાંઠાના વિસ્તારોમાં વિશ્વસ્તરીય તરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવાની અને તેને ઉપયોગ માટે તૈનાત કરવાની દૂરંદેશી સાથે માર્ગદર્શિકાઓનો આ મુસદો જાહેર પરામર્શ માટે બહાર પાડવામાં આવ્યો છે. તરતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં તેના સહજ ફાયદા હોવાથી, તેને એક આકર્ષક ઉકેલ તરીકે જોવામાં આવે છે અને બંદરો, જહાજ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા તેને પ્રોત્સાહન આપવામાં આવે છે. પરંપરાગત ઘાટો અને કોંક્રીટમાંથી બનાવેલા અચલ ઢાંચાઓની સરખામણીએ તરતી જેટ્ટીના લાભો નીચે ઉલ્લેખ કર્યા અનુસાર છેઃ તે ઓછો ખર્ચાળ ઉકેલ છે અને પરંપરાગત માળખાની સરખામણીએ તેનું નિર્માણ ઘણું સસ્તામાં થઈ જાય છે.પરંપરાગત જેટ્ટીની સરખામણીએ તરતું માળખું તૈયાર કરવાનું કામ ખૂબ જ ઝડપથી થાય છે. સામાન્યપણે, તરતું માળખું ૬-૮ મહિનામાં બાંધી શકાય છે જ્યારે પરંપરાગત માળખુ તૈયાર કરવામાં ૨૪ મહિના જેટલો સમય લાગી જાય છે.પર્યાવરણ પર તેની અસર ખૂબ જ ઓછી પડે છે. મોડ્યૂલર બાંધકામની ટેકનિકના કારણે તેનું વિસ્તરણ સરળતાથી થઈ શકે છે. જો બંદરને ફરી કન્ફિગર કરવાનું થાય તો તેવી સ્થિતિમાં તેનું પરિવહન સરળતાથી થઈ શકે છે. તે જેટ્ટી અને હોડીઓ વચ્ચે સતત ફ્રીબોર્ડ ઉપલબ્ધ કરાવે છે. ખાસ કરીને મોટાં મોજાં ઉછળતા હોય તેવી રેન્જ સહિતના વિસ્તારોમાં પરંપરાગત ઘાટના કારણે ઓટના સમયમાં સમસ્યાઓ આવી શકે છે પરંતુ તેની સરખામણીએ તરતી જેટ્ટીઓ ખૂબ જ સગવડપૂર્ણ રહે છે. તરતી જેટ્ટીઓ, આવી જગ્યાઓ પર, અવિરત ફ્રીબોર્ડ ઉપલબ્ધ કરાવે છે, જહાજોના સ્ટોર્સનું સરળતાથી નૌકારોહણ કરી શકાય છે અને માછીમારોએ પકડેલી માછલીઓનું સીધુ જ અનલોડિંગ થઈ શકે છે. તેનાથી સતત ઉત્પાદકતામાં વધારો થાય છે અને લાંબાગાળે માછીમારોની સલામતી માટે પણ યોગ્ય પુરવાર થાય છે. બંદરો, જહાજ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા તાજેતરમાં આંતરરાષ્ટ્રીય માર્ગદર્શક સિદ્ધાંતોનું પાલન કરીને સફળતાપૂર્વક કેટલીક પ્રારંભિક પરિયોજનાઓનો અમલ કરવામાં આવ્યો છે. આમાં, ગોવા ખાતે ઉભી કરવામાં આવેલી મુસાફરો માટેની તરતી જેટ્ટી, સાબરમતી રિવરફ્રન્ટ અને સરદાર સરોવર ડેમ ખાતે વોટર એરોડ્રામ (સીપ્લેન સેવાઓ માટે) પણ સામેલ છે અને તેના શ્રેષ્ઠ પરિણામો મળી રહ્યાં છે. તમામ દરિયાકાંઠના વિસ્તારોમાં એકંદરે વિકાસ માટે અને દરિયાકાંઠામાં વસતા સમુદાયોના ઉત્કર્ષ માટે મંત્રાલયની આવી જ ૮૦થી વધુ પરિયોજનાઓ હાલમાં આયોજનના તબક્કે છે. મંત્રાલય દ્વારા આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર આધારચિહ્ન અને પ્રમાણભૂત વિવરણો તૈયાર કરવામાં આવી રહ્યાં છે જેથી વિવિધ હિતધારકો સાથે સઘન ચર્ચા કર્યા બાદ તરતા માળખા માટે ટેકનિકલ વિવરણો નક્કી કરવામાં આવ્યા છે. આના માટે, મંત્રાલયે IIT ચેન્નઈને તરતી જેટ્ટી, વોટર એરોડ્રામ, તરતી મરીના, માછલીઓના લેન્ડિંગની સુવિધાઓ વગેરે ટકાઉક્ષમ તરતા માળખાનું ટેકનિકલ વિવરણ તૈયાર કરવાનું કામ સોંપ્યું છે જેથી સચોટ અને સ્પષ્ટ વિવરણ નિર્ધારિત કરી શકાય. પ્રસ્તાવિત વિવરણ / ટેકનિકલ જરૂરિયાતોનું શિડ્યૂલ (SOTR) સાથે માર્ગદર્શિકાઓનો મુસદો જાહેર જનતાના પ્રતિભાવો અને સૂચનો માટે બહાર પાડવામાં આવ્યો છે. માર્ગદર્શિકાનો મુસદો http://shipmin.gov.in/sites/default/files/proforma_guidelines.pdf પરથી મેળવી શકાય છે. તેના માટેના પ્રતિભાવો અને સૂચનો ૧૧.૧૨.૨૦૨૦ સુધીમાં sagar.mala@nic.in પર ઈમેલ દ્વારા મોકલવાના રહેશે. સુશાસનમાં પારદર્શકતામાં વૃદ્ધિ લાવવી એ હંમેશા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની સરકારની પ્રાથમિકતા રહી છે. જાહેર પ્રતિભાવો મેળવવા માટે માર્ગદર્શિકાઓના મુસદાને બહાર પાડવામાં આવ્યો તે આ દિશામાં પ્રગતિપૂર્ણ પગલું છે જે લાંબાગાળે દરિયાકાંઠાના વિસ્તારોમાં વસતા સમુદાયોને લાભદાયી નીવડશે અને તેમના ઉત્કર્ષ માટે એક સીમાચિહ્નરૂપ પગલું પુરવાર થશે.

## પ્રધાનમંત્રીએ ધ્વજ દિવસ નિમિત્તે સશસ્ત્ર દળોનો આભાર વ્યક્ત કર્યો



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ધ્વજ દિન નિમિત્તે સશસ્ત્ર દળોનો આભાર વ્યક્ત કર્યો છે. એક ટવીટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે "સશસ્ત્ર દળ ધ્વજ દિવસ એ આપણા સશસ્ત્ર દળો અને તેમના પરિવારો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો દિવસ છે. ભારતને તેમની વીર સેવા અને નિઃસ્વાર્થ બલિદાનનો ગર્વ છે. આપણા દળોના કલ્યાણમાં ફાળો આપો. આ ભાવના આપણા ઘણા બહાદુર કર્મચારીઓ અને તેમના પરિવારોને મદદ કરશે."

## પ્રધાનમંત્રી આજે ઈન્ડિયા મોબાઈલ કૉંગ્રેસ ૨૦૨૦માં સંબોધન કરશે

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૦૮ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ સવારે ૧૦:૪૫ વાગ્યે વર્ચ્યુઅલ ઈન્ડિયા મોબાઈલ કૉંગ્રેસ (આઈએમસી) ૨૦૨૦માં પ્રારંભિક સંબોધન કરશે. આઈએમસી ૨૦૨૦નું આયોજન ભારત સરકારના દૂરસંચાર વિભાગ અને સેલ્યુલર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (સીઓએઆઈ) દ્વારા કરવામાં આવી રહ્યું છે. તે ૮થી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૦ સુધી યોજાશે. આઈએમસી ૨૦૨૦ની થીમ છે "સમાવિષ્ટ નવીનતા - સ્માર્ટ, સુરક્ષિત, ટકાઉ". તેનો હેતુ પ્રધાનમંત્રીના 'આત્મનિર્ભર ભારત', 'ડિજિટલ સમાવેશી' અને



'ટકાઉ વિકાસ, ઉદ્યોગસાહસિકતા અને નવીનતા'ને પ્રોત્સાહન આપવા માટે સંરેખિત કરવાનો છે. વિદેશી અને સ્થાનિક રોકાણો વધારવા, ટેલિકોમ અને ઉભરતી ટેક્નોલોજી ક્ષેત્રમાં સંશોધન અને વિકાસને પ્રોત્સાહિત કરવાનો છે. આઈએમસી ૨૦૨૦માં વિવિધ મંત્રાલયો, ટેલિકોમ સીઈઓ, વૈશ્વિક સીઈઓ અને ૫જી, આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ), ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઈઓટી), ડેટા એનાલિટિક્સ, ક્લાઉડ અને એજ કમ્પ્યુટિંગ, બ્લોકચેન, સાયબર-સુરક્ષા, સ્માર્ટ સિટીઝ અને ઓટોમેશન ડોમેઈનના નિષ્ણાતો સહભાગી થશે.

## વઘઈના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે "વિશ્વ જમીન દિવસ"ની ઉજવણી કરાઈ



કમલમ દૈનિક, રિપોર્ટ-અમરનાથ જગતાપ, ડાંગ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-વઘઈ, જિલ્લા ખેતીવાડી કચેરી- આહવા, આત્મા પ્રોજેકટ-ડાંગ, અને આહવા સ્થિત સેવાધામ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે કે.વી.કે. વઘઈ ખાતે તા.૫મી ડિસેમ્બરે "વિશ્વ જમીન દિવસ" ની ઉજવણી કરવામા આવી હતી. આ ઉજવણી કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને "જમીન સ્વાસ્થ્ય કાર્ડ"નું પણ વિતરણ કરવામા આવ્યુ હતું. કાર્યક્રમમા ઉપસ્થિત વઘઈ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી સંકેતભાઈ બંગાળે "જમીન સ્વાસ્થય કાર્ડ"ની ઉપયોગીતા અને અગત્યતા ઉપર ભાર મૂકી, ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા. જ્યારે મામલતદાર શ્રી સી.એ.વસાવાએ ખેડૂતો માટે તેની જમીનનું મહત્વ સ્પષ્ટ કર્યું હતુ. જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી સુનિલભાઈ પટેલ "જમીન સ્વાસ્થય કાર્ડ" મેળવવા અંગેની માહિતી પુરી પાડી હતી. તો આત્મા પ્રોજેકટના ડાયેરેક્ટર શ્રી પી. આર. માંનાણીએ ખેડૂતોને ઓર્ગેનિક (જૈવિક) ખેતીની જરૂરુયાત સાથે ખેડૂતોને આદરપ્રથા થી દૂર રહી તેના વૈકલ્પિક ઉપાયો જણાવ્યા હતાં. આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-વઘઈના તમામ વિષય નિષ્ણાતો, તથા ડાંગ જીલ્લાના ૭૦ થી વધુ ખેડૂત ભાઈઓ તથા બહેનોએ ઉત્સાહથી ભાગ લઈ પોતાની જમીનની ચકાસણી કરાવવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમના અંતે ડૉ. પી.પી.જાવિયા એ આભારવિધિ આટોપી હતી.

# પલસાણા તાલુકાના જોળવા સ્થિત ડોનિયર કંપની ખાતે આયુર્વેદ-હોમિયોપેથીક નિદાન સારવાર અને ઉકાળા વિતરણ કેમ્પ યોજાયો




## ડોનિયર કંપનીના ૨૧૬ શ્રમિકો અને કર્મચારીઓએ આરોગ્ય કેમ્પનો લાભ લીધો

કમલમ દૈનિક, સુરત

કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલયના નેશનલ આયુષ મિશન અનુદાનિત 'આયુષ ગ્રામ પ્રકલ્પ પ્રોજેકટ્સ અંતર્ગત પલસાણા તાલુકાના આયુષ ગ્રામ, જોળવા સ્થિત ડોનિયર કંપની ખાતે આયુર્વેદ-હોમિયોપેથીક નિદાન સારવાર અને ઉકાળા વિતરણ કેમ્પ યોજાયો હતો. જેમાં ડોનિયર કંપનીમાં કામ કરતાં ૨૧૬ શ્રમિકો અને કર્મચારીઓએ લાભ લીધો હતો.આયુષ અને સુરત જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી વૈદ્ય મિલનભાઈ દશોંદીના માર્ગદર્શન હેઠળ આયોજિત કેમ્પમાં સામાજિક અંતર જાળવી સરકારની કોવિડ ૧૯ની ગાઈડલાઈન્સનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવ્યું. દરેક લાભાર્થીનું ટેમ્પરેચર ગનથી તાપમાન માપીને પ્રવેશ આપવામાં આવ્યો, તથા સર્વેને હેન્ડ સેનેટાઈઝરથી સેનેટાઈઝ કરાયા હતા. દરેકને હેલ્થ અવેરનેસ પત્રિકા વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જોળવાના આયુષ મેડિકલ ઓફિસર વૈદ્ય કાજલ મઢીકર, ડોનિયર કંપનીના ડાયરેકટરશ્રી અનુપસિંઘ, પ્લાન્ટ હેડ સુનિલ ટેલર, ઈ.એચ.એસ.હેડ શિરીષ ખત્રી, એચ. આર. લાયઝનિંગ ઓફિસર યોગેશ વાઘ, એચ.આર.એડમિનિસ્ટ્રેટર યતેંન્દ્રસિંહ, અમલસાડીના આયુષ મેડિકલ ઓફિસર વૈદ્ય રિંકુ ઘેલાણી, દસ્તાનના મેડિકલ ઓફિસર વૈદ્ય રૂચિતા તેજાણી, બગુમરાના મેડિકલ ઓફિસર વૈદ્ય રચના રાણા, ફાર્માસિસ્ટશ્રી રમેશભાઈ રાવલ અને મનહરભાઈ પરમાર, આયુષ સ્ટાફ શ્રીમતિ હેમલતા ઢીંમર, ઉર્વશી પરમાર સહિત ડોનિયરના કર્મચારીઓ, શ્રમિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર જિલ્લાના સાત ગામના ૧૬૨૮ મિલકત ધારકોને તેમના મિલકત કાર્ડ કલેક્ટરશ્રીના હસ્તે અર્પણ કરાયા







કમલમ દૈનિક, ગાંધીનગર

રાજયના પાટનગર ગાંધીનગરની સ્થાપના સમયે અસરગ્રસ્ત થયેલ ખેડૂતોને આજે તેમની મિલ્કતના આધાર પુરાવા માટે જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્યના હસ્તે પ્રોપટી કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

હક્ક ચોકસી અધિકારીની કચેરી દ્વારા કુલ- ૭ ગામના ૧૬૨૮ પ્રોપ્રટી કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. હાલમાં પણ આ કામીગીરી ચાલું છે.આ કામગીરી પૂર્ણ થતાં મિલકત ધારકોને જેટલો આનંદ છે, તેટલો જ સંતોષ મને થયો છે, તેવું કહી જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્યએ વધુમાં જણાવ્યું હતું કે, સમગ્ર પ્રક્રિયાને સુચારું રીતે પાર પાડવામાં નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજા અને હક્ક ચોકસી અધિકારીની કચેરીના કર્મયોગીની ભૂમિકા મહત્વની છે. ગાંધીનગરની રચનામાં ૧૨ ગામોની જમીન સરકાર દ્વારા અધિકૃત કરવામાં આવી હતી. તે પછી ઘણા લાંબા સમયથી આપને આપનો સામાન્ય હકક મળ્યો ન હતો. તમે આ હક્કના હક્કદાર હતા, તે આપને આપવામાં આવ્યો છે.

કોઈપણ વિકસિત દેશમાં મિલકત સંબંધિત હકની સરળતા છે, જેથી મિલકત પર હકક હોય તો તેને પડાવી લેવાની ઘટના ઓછી બને છે. ગાંધીનગર શહેર વિસ્તારમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા, બોરીજ, આદિવાડા, ફતેપુરા, ધોળાકુવા, પાલજઅને બાસણ ગામોના ગ્રામજનોને રહેણાંકની મિલકતો વર્ષોથી જે તે મિલકત ધારકોના કબજાવાળી અને કોઈ વાંધા-વિવાદ વગરની હોવા છતા તેના માલિકી હક્કના જટીલ પ્રશ્નો અનિર્ણિત હતા. ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળ દ્વારા ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યને આ અંગે રજૂઆત કરવામાં આવી હતી. જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્ય દ્વારા તેમની દેખરેખ અને માર્ગદર્શન માટે એક પરિપત્ર જાહેર કર્યો હતો. તે આધારે હક્ક ચોકસી અધિકારી દ્વારા આ અંગેની યોગ્ય કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં ઈન્દ્રોડા, પાલજ, બાસણ, ફતેપુરા(સેકટર- ૧૫), બોરીજ, આદિવાડા, ધોળાકુવા એમ કુલ ૭ ગામમાંથી કુલ- ૪૩૬૧ મિલ્કત સંબંધિત અરજીઓ આવી હતી. આ અરજીઓ પર કલેકટરશ્રી, અધિક કલેકટરશ્રી અને હક્ક ચોકસી અધિકારીના માર્ગદર્શન હેઠળ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાંથી ઈન્દ્રોડાના ૪૦૪, પાલજના ૩૯૨, બાસણના ૭૩, ફતેપુરાના ૧૧૦, બોરીજના ૨૨૪, આદિવાડાના ૩૨૮, ધોળાકુવાના ૯૭ મળી કુલ- ૧૬૨૮ મિલ્કતના પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. બાકી રહેલા મિલકત ધારકોને તેમના મિલકત કાર્ડ આપવા માટેની કાર્યવાહી હાલમાં ચાલું છે.

આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના હસ્તે આ સાત ગામમાંથી બે – બે મિલકત ધારાકોને જિલ્લા કલેકટર કચેરીના સમિતિ ખંડમાં મિલકત કાર્ડ અર્પણ કર્યા હતા. આ પ્રસંગે મંડળના પ્રમુખ શ્રી ભરતસિંહ બિહોલાએ જિલ્લા વહીવટી તંત્રનો આભાર વ્યકત કરીને જણાવ્યું હતુ કે, જિલ્લા કલેકટરશ્રીના માનવતાવાદી નિર્ણય થકી આ સાતેય ગામના મિલકત ધારકાને ન્યાય મળ્યો છે. જે વાતથી સાત ગામના મિલકત ધારકોમાં આનંદ વ્યાપ્યો છે. આ મિલકત કાર્ડ થકી મિલકત ધારકો બેંકમાંથી લોન, કોર્ટ-પોલીસમાં જામીનગરી, સોલવંશી પ્રમાણપત્ર અને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મિલકત ધારક તરીકે પોતાનું નામ દાખલ કરાવી શકશે.

આ મિલકત કાર્ડ વિતરણ સમારંભમાં નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજા, એસ.એસ.આર શ્રી એ.સી.ગામીતી, હક્ક ચોકસી અધિકારી શ્રીમતી ભાવનાબેન રબારી, મામલતદાર(જ.ફા) શ્રીમતી પંચાલ, શિરસ્તેદાર શ્રી ભરતભાઈ પંચાલ, મંડળના ઉપપ્રમુખ શ્રી ચંદુજી ઠાકોર, મહામંત્રી શ્રી બળદેવજી ઠાકોર અને અન્ય હોદ્દેદારો અને આમંત્રિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સશસ્ત્ર સેના ધ્વજદિન

# સેવારત પૂર્વ સૈનિકો અને તેમના પરિવારજનોના કલ્યાણ અર્થેકલેકટરશ્રીમતી શાલિની અગ્રવાલે સશસ્ત્ર ધ્વજ દિન પ્રતિક અર્પણ કર્યું





## રાષ્ટ્રની રક્ષા કરનાર સૈનિકો અને તેમના પરિવારજનો માટેના ભંડોળમાં યોગદાન આપવા નાગરિકોને જિલ્લા કલેક્ટરશ્રીની અપીલ

કમલમ દૈનિક, વડોદરા

રાષ્ટ્રીય રક્ષા કાજે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર વીર સૈનિકોના પરિવારજનો તેમજ યુધ્ધ અને સૈનિક કાર્યવાહીમાં શારિરીક ક્ષતિગ્રસ્ત થવાના કારણે સશસ્ત્ર સેનામાંથી છૂટા કરવામાં આવેલ સૈનિકોના પુનર્વસવાટ માટે અને તેઓના પરિવારજનોના કલ્યાણ માટે વિવિધલક્ષી કલ્યાણકારી યોજનાઓ અમલી છે.

આ યોજનાઓના અમલીકરણ માટે સશસ્ત્ર સેના ધ્વજદિને ભંડોળ એકત્ર કરવામાં આવે છે.

ભંડોળ એકત્ર કરવાના ઔપચારિક કાર્યક્રમનો આરંભ પ્રતિ વર્ષ તા.૭મી ડિસેમ્બરના રોજ કરવામાં આવે છે. કલેકટર કચેરી વડોદરા ખાતે કલેકટર અને જિલ્લા સૈનિક કલ્યાણના પ્રમુખ શ્રીમતી શાલિની અગ્રવાલઅને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી ડી.આર. પટેલે, જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી વડોદરાને સશસ્ત્ર સેના ધ્વજદિનનું પ્રતિક અર્પણ કર્યુ હતુ.જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી રાઘવ, જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી ગાયત્રીઅને નરસિંહ ડામોર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

કલેકટરશ્રીના હસ્તકથી આ ફાળો એકઠો કરવાની શુભ શરૂઆત કરવામાં આવે છે. સૈનિકો અને તેમના પરિવાર માટે એકત્ર કરવામાં આવતા આ ફાળામાં સર્વે નાગરિકો સહભાગી થઈ રાષ્ટ્રની રક્ષા કરનારા સૈનિકો માટેના ભંડોળમાં યથાયોગ્ય યોગદાન આપે તે ગ્રાહ્ય છે. જિલ્લા કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલે જિલ્લાના તમામ નાગરિકોને સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં યથાયોગ્ય યોગદાન આપી રાષ્ટ્રસેવાના ઉમદા કાર્યમાં સહભાગી થવા અનુરોધ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, સને ૧૯૪૯થી સશસ્ત્ર સેના ધ્વજદિન પ્રતિ વર્ષ તા.૭ ડિસેમ્બરના રોજ ઉજવવામાં આવે છે. સશર્સ્ પ સેના ધ્વજદિનના ભંડોળમાં એકત્રિત થયેલ આ રકમ સેવારત પૂર્વ સૈનિકો અને તેઓના પરિવારજનોના કલ્યાણ અર્થે ઉપયોગમાં લેવામાં આવે છે.

# નવી સિવિલના સ્ટાફ અને દાખલ દર્દીઓઓના સંબંધીઓને 'ઈમરજન્સી ફાયર લાઈવ ટ્રેનિંગ અપાઈ

## સુપરવાઈઝર, સિક્યોરિટી ગાર્ડ, નર્સિંગ બહેનો, તબીબો સહિત ૧૨૦થી વધુ કર્મચારીઓને તાલીમબદ્ધ કરાયા









કમલમ દૈનિક, સુરત

સિવિલ હોસ્પિટલ ખાતે આગ જેવી સંભવિત દુર્ઘટનાનો સામનો કરવાં તમામ સ્ટાફને 'ઈમરજન્સી ફાયર લાઈવ ટ્રેનિંગ આપવામાં આવી હતી. ખાસ કરીને સિવિલમાં દાખલ દર્દીઓના સગાસંબંધીઓને પણ તાલીમમાં સામેલ કરાયા હતા. નવી સિવિલ આરોગ્ય તંત્રની પ્રેરણાથી નવી સિવિલના ચીફ સિક્યુરિટી ઓફિસરશ્રી હરેન ગાંધી દ્વારા નર્સિંગ બહેનો, તબીબો, સફાઈ કર્મચારીઓ, સુરક્ષા ગાર્ડ, સુપરવાઈઝર અને સિક્યુરિટી ઓફિસર સહિત હોસ્પિટલના વિવિધ વિભાગોમાં દાખલ દર્દીઓના સંબંધીઓ સહિત સિવિલના ૧૨૦થી વધુ કર્મચારીઓને અગ્નિશામક સાધનોના ઉપયોગ અને ઈમરજન્સીમાં સાવચેતી અગે નિદર્શન કરી તાલીમબદ્ધ કરાયા હતાં. આગ કે અન્ય આકસ્મિક ઘટના બને ત્યારે જાનમાલના નુકસાન નિવારવા તેમજ હ્યુમન લાઈફ બચાવવા અંગેની પ્રાથમિક તાલીમ આપવામાં આવી હતી. જેમાં અગમચેતીના પગલાંરૂપે બચાવની પાયાની પદ્ધતિઓ અંગે પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવ્યું હતું, જેથી આગની ઘટના બને તો વ્યવહારિક અમલ થઈ શકે. શ્રી હરેન ગાંધીએ જણાવ્યું હતું કે, સુરતની નવી સિવિલમાં આગ જેવી ઈમરજન્સીમાં વર્ષ દરમિયાન અવારનવાર નિયમિતપણે તકેદારીના ભાગરૂપે સિવિલ તંત્રવાહકોને બચાવ અને સુરક્ષા માટેની બેઝિક તાલીમ તાલીમ આપવામાં આવે છે. આ અગાઉ સિવિલ હોસ્પિટલમાં ૧૩૭૦થી વધુ કર્મચારીઓને ફાયરની ટ્રેનિંગ અપાઈ ચૂકી છે. આજની આ ટ્રેનિંગમાં આગના પ્રકાર તેમજ આગ લાગે ત્યારે આગ વિશે, ફાયરવિભાગ, સુરક્ષાકર્મીઓને જાણ કરવી, ફાયર પમ્પ અને વોટર હાઈડ્રન્ટ, હોર્સરિલને કેવી રીતે ઉપયોગ કરવો તેની તાલીમ આપવામાં આવી છે. સાથે 'ફાયર અસેમ્બલી એરિયાહ્ઝમાં એકત્ર થઈ હોસ્પિટલમાં અલગ અલગ ફાયર ઈમરજન્સી એક્ઝિટની પણ માહિતી પૂરી પાડવામાં આવી. સિવિલનો સમગ્ર સ્ટાફગણ ઉત્સાહપૂર્વક ભાગ લઈને આગનો સામનો કરવાની વિવિધ પદ્ધતિઓ, સાધનો અને બચાવકાર્ય વિષે માહિતગાર થયો હતો. આ પ્રકારની તાલીમ ભવિષ્યમાં કામના સ્થળે તેમજ ઘરે પણ ઈમરજન્સીની સ્થિતિમાં ખુબ ઉપયોગી બની રહેવાનો મત વ્યકત કર્યો હતો.

